GJSK020023472023

:: નમુના–અ ::

હિંમતનગરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.
સાહેબશ્રીની કોર્ટમાં, હિંમતનગર, જીલ્લા–સાબરકાંઠા

ચુકાદાની તારીખ	**૧૪/૦૭/૨૦૨૬**
ફોજદારી કેસ નંબર	**૧૯૨૬/૨૦૨૩**
આંક	**૭૨**
	ગુનાની વિગત
ગુનાની કલમ	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ
પ્રથમ માહિતી અહેવાલ નંબર	–
પોલીસસ્ટેશન	–
ફરીયાદી પક્ષ	**ફરીયાદીનુ નામ** સાગર પી. માધવી ઉર્ફે સાગર પી. રાવલ ઉ.વ. ૩૪, ધંધો–આર્કીટેક, રહે. સત્યમ સોસાયટી, ઘર નં.૧, સમીરશાહના દવાખાનની બાજુમાં, લક્ષ્મીપુરા કંપા હિંમતનગર, જિ. સાબરકાંઠા.
રજુઆત	**ફરીયાદી તરફે વિ.વ.શ્રી :–પી.એચ. પંડયા**
આરોપી પક્ષ	**ધ્રુવ અરવિંદભાઈ પટેલ, ઉ.વ.૩૮** ઠે. સી/૩૦૧, શાંતિનિકેતન એપાર્ટમેન્ટ, ગુરૂકુલ રોડ, એમ.બી. કાપડીયા સ્કૂલ સામે, મેમનગર, અમદાવાદ. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન, અમદાવાદ) **<u>ઓફિસનુ સરનામુ :</u>** ધ્રુવ અરવિંદભાઈ પટેલ, વિધી ટ્રેડીંગ, દુકાન નં.૧૬ અર્જુનગ્રેસ, સ્વામીનારાયણ સંસ્કારધામ પાસે, નારણપુરા, અમદાવાદ (નારણપુર પોલીસ સ્ટેશન, અમદાવાદ)

રજૂઆત	**આરોપી તરફે વિ.વ.શ્રી:– એમ.એ. બારોટ**

:: નમુના–બ ::

નિવેદનની તારીખ	૨૨/૦૫/૨૦૨૩
પુરાવો શરૂ થયાની તારીખ	૧૭/૦૫/૨૦૨૪
ચુકાદા માટે રાખવાની તારીખ	૧૪/૦૭/૨૦૨૬
ચુકાદાની તારીખ	૧૪/૦૭/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	૧૪/૦૭/૨૦૨૬

:: આરોપીની વિગત ::

અનુક્રમ નં.	**આરોપીનુ નામ**	**ધરપકડ તારીખ**	**જામીન મુકિત તારીખ**	**તહોમત**	**શું નિર્દોષ છોડયુ / સજા કરી**	**કરવામાં આવેલ સજા**	**સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સં.ની કલમ ૪૨૮ મુજબ**
૧	**ધ્રુવ અરવિંદભાઈ પટેલ**	–	–	ધી નેગો–શીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ	સજા	૧ વર્ષ	

:: નમુનો – ક ::

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરિયાદપક્ષ

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર
ફ.સા.૧	ફરીયાદી–સાગર પી. માધવી ઉર્ફે સાગર પી. રાવલ નાપુરાવાનું સોગંદનામુ	ફરીયાદીની સોગંદ પરની જુબાની–**આંક–૪**
ફ.સા.૨	ફરીયાદી તરફે સાહેદ – મનોજકુમાર ખીમજીભાઈ મેવાડાની સોગંદ ઉપરની જુબાની.	સાહેદની સોગંદ પરની જુબાની **આંક–૩૯**

બ. બચાવપક્ષ

અનુક્રમ	નામ	પુરાવાનો પ્રકાર

આ.સા.૧	ફારૂકભાઈ ઈબ્રાહીમભાઈ દાયમાની સોગંદ ઉપરની જુબાની.	આરોપી તરફેના શાહેદની જુબાની **આંક–૫૦**

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ. ફરિયાદપક્ષ

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
૧.	આંક : ફ–૧૪	આરોપીએ આપેલ ચેક
૨.	આંક : ફ–૧૫	ચેક બેંકમાં ભર્યાની પાવતી.
૩.	આંક : ફ–૧૬	ચેક રીટર્ન મેમો.
૪.	આંક : ફ–૧૭	ફરિયાદીએ આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત.
૫.	આંક : ફ–૧૮	ફરિયાદી તરફે આરોપીને રહેઠાણના સરનામે નોટીસ મોકલાવેલ તેની પોસ્ટ ખાતાની આર.પી.એ.ડી.ની સફેદ પાવતી.
૬.	આંક : ફ–૧૯	આરોપીના રહેણાંક સરનામે મોકલાવેલ નોટીસ બજી ગયેલ તે અંગેની અસલ કોમ્પ્યુ. કોપી.
૭.	આંક : ફ–૨૦	ફરિયાદીતરફે આરોપીને ઓફિસના સરનામે નોટીસ મોકલાવેલ તેની પોસ્ટ ખાતાની આર.પી.એડી.ની સફેદ પાવતી.
૮.	આંક : ફ–૨૧	આરોપીને ઓફિસના સરનામે મોકલાવેલ નોટીસ બંધ કવરમાં પરત આવેલ તે અસલ બંધ કવર.
૯.	આંક : ફ–૪૦	ફરિયાદીના બેંક એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ.
૧૦.	આંક : ફ–૪૧	ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫બી મુજબનુ પ્રમાણપત્ર.

બ. બચાવપક્ષ :

અનુક્રમ	આંક સંખ્યા	વર્ણન
૧.	આંક : ફ–૨૬	ફરિયાદીના બેંક ખાતાનો ઉતારો
૨.	આંક : ફ–૨૭	ફરિયાદીના બેંક ખાતાનો ઉતારો
૩.	આંક : ફ–૨૮	ફરિયાદીના પાન કાર્ડની નકલ.
૪.	આંક: ફ–૫૧	ફરિયાદી સાગરકુમાર પ્રફુલ્લભાઈ માધવીના નામે ચાલતા બેંક ખાતાનો ઉતારો.
૫.	આંક: ફ–૫૭	આરોપીના ખાતાના સ્ટેટમેન્ટની સર્ટી. નકલ.
૬.	આંક : ફ–૫૮	ક્રિ.કેસ નં.૩૬૬/૨૪ની આંક–૧ની સર્ટી.

		નકલ.
૭.	આંક : ૬– ૫૯	ક્રિ. કેસ નં. ૭૨૨૯/૨૫ની આંક–૧ની સર્ટી. નકલ.

/// ચુકાદો ///

(૧) ફરીયાદની ટુંકમાં હકિકત :–

આ કામના ફરીયાદી એક આર્કિટેક છે અને તેઓ રહેણાંકના મકાનો તેમજ વ્યાપારના સંકુલના ઈન્ટરીયર ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ કામના આરોપીએ ફરિયાદીને ઓળખાણ આપતા જણાવેલ કે, તમારે રહેણાંકના મકાનો તેમજ વ્યાપારના સંકુલમાં ઈન્ટરીયર ડીઝાઈન માટે જે આઈટમની જરુરીયાત હોય તેવી ચીજવસ્તુઓના અમો ડીલર છીએ અને તમોને તે બધી ચીજવસ્તુઓ વ્યાજબી ભાવે તમારી માંગણી મુજબ પુરી પાડીશુ. જેથી ફરિયાદીએ તેઓના વ્યાપારિક સંકુલ માટે ઈન્ટરીયર ડીઝાઈનીંગ માટે મટીરીયલની જરુરીયાત હોઈ તેને લગતી ચીજવસ્તુઓ વહેલી તકે સમયસર પુરી પાડવા જણાવતાં, આ કામના આરોપીએ ફરિયાદીની જરુરીયાત મુજબનુ મટેરીયલ પુરુ પાડવા સારુ ફરિયાદી પાસે એડવાન્સ રકમની માંગણી કરતા ફરિયાદીને મટેરીયલ્સની તાત્કાલિક જરુરીયાત હોય, આ કામના આરોપીના જણાવ્યા મુજબ ફરિયાદીએ તે બાબતનુ એડવાન્સ પેમેન્ટ રોકડા તેમજ ફોન–પેના માધ્યમથી આરોપીને આપેલ. જે રૂા. ૬,૭૦,૦૦૦/– અંકે રૂપિયા છ લાખ સીત્તેર હજાર પુરા મટેરીયલ પેટે એડવાન્સ ચુકવી આપેલ અને ફરિયાદીએ આરોપીને તાત્કાલિક મટેરીયલ પુરુ પાડવા જણાવેલ. આમ, ફરિયાદીએ આ કામના આરોપીને મટેરીયલ પેટે એડવાન્સ રકમ આપેલ હોય, આરોપીએ ફરિયાદીને વધુમાં વધુ ૭ નવેમ્બર ૨૦૨૨ સુધીમાં મટેરીયલ પુરુ પાડવાની સહમતી આપેલ અને ફરિયાદીને આ કામના આરોપી સાથે થયેલ વાતચીત મુજબ ફરિયાદી મટેરીયલની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલ હતા અને ફરિયાદીએ તેઓના ગ્રાહકને આપેલ સમય પ્રમાણે કામ કરવાનુ

હતુ. પરંતુ, આ કામના આરોપીએ સમયસર મટેરીયલ પુરુ પાડેલ ન હોય, ફરિયાદીએ આ કામના આરોપીને વારંવાર જણાવેલ હોવા છતાં, આ કામના આરોપીએ મટેરીયલ પુરુ પાડેલ ન હોય, આ કામના ફરિયાદીએ આ કામના આરોપીને આપેલ ઓર્ડર કેન્સલ કરાવેલ અને ફરિયાદીએ આરોપીને આપેલ પેમેન્ટ પરત આપવા જણાવેલ. આમ, આ કામના આરોપીએ ફરિયાદીને આપેલ સમય મર્યાદામાં મટેરીયલ પુરુ પાડેલ ન હોય ફરિયાદીએ આપેલ ઓર્ડર આ કામના આરોપીએ કેન્સલ કરેલ અને ફરિયાદીએ જે રકમ એડવાન્સમાં આરોપીને ચુકવી આપેલ તે રકમ પરત કરવા સારુ આરોપીએ ફરિયાદીને તેમનુ ખાતુ ચાલતી બેંક કોટક મહિન્દ્રા બેંક, શન્ગ્રીલા બ્રાંચ શ્યામલ ચાર રસ્તા, અમદાવાદ શાખાનો તા. ૦૭–૧૧–૨૦૨૨ના રોજનો ચેક નં. ૦૦૦૦૧નો રૂા. ૬,૭૦,૦૦૦/– નો ફરિયાદીની હાજરીમાં ચેકની તમામ વિગતો ભરી સહી કરી આપેલો જે ચેક ફરિયાદીએ આરોપીની સુચના મુજબ ફરિયાદીનુ ખાતુ ચાલતી બેંક, બેંક ઓફ બરોડાના ખાતામાં ખાતા નં. ૪૬૮૫૦૧૦૦૦૦૧૨૩૧ માં તા.૮–૧૧–૨૦૨૨ના રોજ ભરતાં સદર ચેક ફરજ પરના અધિકારીએ તા.૧૦–૧૧–૨૦૨૨ ના રોજ રીટર્ન મેમાન કારણ ''ફંડસ ઈનશફીશીયન્ટ''ના શેરા સાથે પરત કરેલ. જેથી ફરિયાદીએ આ કામના આરોપીએ રૂબરૂ સંપર્ક કરતાં, આરોપીએ કોઈ સંતોષકારક જવાબ આપેલ નહિં અને ઉધ્ધતાઈભર્યુ વર્તન કરી કહેલ કે, તમારાથી થાય તે કરી દેજો. આમ, આ કામના આરોપી ફરિયાદીની કાયદેસરની લ્હેણી રકમ ડુબાડી દેવાનો સ્પષ્ટ આશય ધરાવતા હોય અને ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ ચેકની રકમ માટે આપેલ સદર ચેક કલીયર ન થાય તેવા બદઆશયથી તેમના ખાતામાં પુરતુ બેલેન્સ ન રાખી સદર ચેક રીટર્ન કરાવેલ અને તેમ કરી, આ કામના આરોપીએ ફરિયાદી સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરી ગંભીર પ્રકારની સજા અને દંડને પાત્ર ગુન્હો કરેલ હોય, કાયદામાં નોટીસ આપવાની ફરજીયાત જોગવાઈ હોય, ફરિયાદીએ આ કામના આરોપીને તેઓના વકીલશ્રી મારફતે તા. ૭–૧૨–૨૦૨૨ના રોજ રજી. પો. એડીથી

તેઓની કાયદેસરની લ્હેણી રકમ રૂા. ૬,૭૦,૦૦૦/– વસુલ મેળવવા સારુ આરોપીને ફરિયાદમાં જણાવેલ બન્ને સરનામે નોટીસ મોકલાવેલ. જે નોટીસો પૈકી તેમના રહેઠાણના સરનામે મોકલાવેલ નોટીસ તા. ૮–૧૨–૨૦૨૨ના રોજ બજી ગયેલ છે. જયારે તેમના ઓફિસના સરનામે મોકલાવેલ નોટીસ બંધ કવર ''અન કલેઈમ્ડ'' ના શેરા સાથે બંધ કવર પરત આવેલ છે. આમ, આ કામના આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં, આ કામના આરોપીએ ફરિયાદીની કોઈ લ્હેણી રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જ જવાબ પણ આપેલ નથી. જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપીને સમન્સ કાયદેસર બજી જતા આરોપી અદાલતમા ઉપસ્થિત થયેલ, આરોપીને ફરીયાદની નકલ મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ, કોર્ટ ધ્વારા આરોપીને ગુનાની સમજ આપી, **આંક–૮** થી પ્લી લેવામાં આવતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષનો કેસ પુરાવો સાંભળવા માટે મુલતવી રાખવામા આવેલ. ત્યારબાદ આરોપી સામેના કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ અને ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાને રેકર્ડ કરવામા આવેલ.

(૩) સદર કામે ફરિયાદપક્ષ ધ્વારા ઉપરોકત ટાંકેલ ક્રિમીનલ મેન્યુઅલ ના પેરા–૧૭૯–એ માં નિર્દેષ કરેલ અને ઠરાવેલ કોષ્ટક અને ફોર્મ સી માં જણાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. પુનરાવર્તન ટાળવાના ઉદૃેશથી તે અત્રે જણાવેલ નથી. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદ પક્ષે હવે પછી પુરાવો રજુ કરવો નથી તે સબબ મૌખીક રજુઆત કરી જાહેર કરેલ છે તેમજ ફરિયાદીના પુરાવા બાદ આ કામે આરોપી તરફે પણ ઉપરોકત ફોર્મ સી માં જણાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જે પણ પુનરાવર્તન ટાળવાના ઉદૃેશથી અત્રે જણાવેલ નથી.

(૪) <u>ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન.</u>

ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામના આરોપીનુ વિશેષ નિવેદન લેવાના તબકકે કાર્યવાહી મુલત્વી રાખવામાં આવેલ. ત્યારબાદ આરોપીનું ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમા આરોપીએ ફરીયાદ પક્ષ ના પુરાવા ની તમામ હકીકતો નકારેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, **<u>''અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ, ફરિયાદીએ અમારો કોરો ચેક બળજબરીપૂર્વક મેળવીને ખોટી રીતે રકમ ભરીને ના. કોર્ટમાં ખોટો પુરાવો રજુ કરેલ છે તેમજ રજુ કરેલ ચેકમાં દર્શાવેલ નામ અને આંક–૩૯ની જુબાનીના આધારે દર્શાવેલ નામ અને અટક અલગ અલગ છે. નામ. કોર્ટમાં ફરિયાદ દાખલ કરવાની ફરિયાદીની હકુમત ન હોવા છતાં, ફરિયાદીએ ખોટી રીતે સરનામુ બતાવી ખોટી ફરિયાદ દાખલ કરેલ છે''</u>**

(૫) <u>દલીલો</u>

આ કામે ફરીયાદ પક્ષે તેઓના વિ.વ.શ્રી દવારા આંક–૬૫ થી તેમજ આરોપી તરફે આંક–૭૦ થી લેખીત દલીલ અને તેના અનુસંધાનમાં આંક–૭૧ના પુરાવા લીસ્ટથી નામદાર ઉચ્ચ સ્તરીય અદાલતોના ચુકાદા રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

(૬) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી, ફરીયાદના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

(અ) // મુદ્દાઓ //

(૧) શું ફરિયાદી સાબીત કરે છે કે, આરોપીએ ફરીયાદીને ફરીયાદમાં જણાવેલ કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે ફરીયાદમા જણાવેલ તકરારી

ચેક આપેલ છે અને તે ચેક બેંક મા સ્વિકારવા માટે ભરતા વણચુકવાયે ચેક પરત થયેલ અને આરોપીએ તે ચેકની રકમનુ ચુકવણુ નહી કરી, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(બ) ઉપરોકત મુદ્દાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

–: કારણો:–

(૭) ફરીયાદપક્ષના પુરાવાનો ભાર તથા આરોપીના શીરે આવતા પુરાવાના ભાર બાબતે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે. તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓમાં જે સુચનાઓ તથા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તે ઘ્યાને લેવા અદાલતને ન્યાયોચીત જણાઈ આવે છે. જે ચુકાદા નીચે મુજબ છે.

(૧) બીર સિંઘ વિરુઘ્ધ મુકેશકુમાર ૨૦૧૯ (૪) એસ.સી.સી.૧૯૭ પેરા–૩૭, ૩૮, ૪૦

37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139,makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

(૨) બસાલીંગાપ્પા વિરુધ્ધ મુદીબસાપ્પા ૨૦૧૯(૫) એસ.સી.સી. ૪૧૮ પેરા–૨૩

23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of

probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

આમ ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવેલ છે કે, જયારે ચેક આરોપી દ્વારા આપવામાં આવેલ હોવાનું રેકર્ડ પર પુરવાર થાય ત્યારે આવો ચેક તે આરોપીએ કોઈ કાયદેસરના લેણા કે જવાબદારી અદા કરવા આપેલ નથી તેવી હકિકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહેલ છે અને પ્રસ્તૃત કાયદાની કલમ–૧૩૯ નુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનુ રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના ઉપરોકત ચુકાદામાં એવુ પણ ઠરાવેલ છે કે, આરોપીએ પોતાની સહી કરી કોરો ચેક સ્વેચ્છાએ ફરિયાદીને આપેલ હોય ત્યારે પણ આવો ચેક આરોપીએ કોઈ લેણા કે જવાબદારી પેટે ફરીયાદીને આપેલ હોય તેવુ ફરીયાદીની તરફેણમાં અદાલતે અનુમાન કરવાનું રહે છે.

(૮). ફરીયાદીની ફરીયાદ સંદર્ભે કાયદાકીય જોગવાઈ નીચે મુજબ છે :–

(૮.૧) <u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮</u>

સમગ્ર અથવા અંશત દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે બેન્કર પાસેના પોતાના ખાતામાથી, બીજી વ્યકિતને નાણાંની રકમ ચુકવવા માટે તે ખાતામાથી કોઈ વ્યકિતએ લખેલ કોઈ ચેક, તે ખાતામા જમા નાણા રકમ, ચેક સ્વીકરાવા માટે અપુરતા હોવાના અથવા તે બેંક સાથે કરેલી કબુલાત દ્વારા તે ખાતામાંથી ભરવાની ગોઠવણ કરેલી રકમ કરતા વધુ હોવાને કારણે, ભરપાઈ થયા વિના બેંક પરત કરે, ત્યારે તેવી વ્યકિતએ ગુનો કર્યો હોવાનું ગણાશે અને તેને આ અધિનિયમની બીજી કોઈ પણ જોગવાઈઓનો બાધ આવ્યા સિવાય, બે વર્ષ સુધીની કેદની અથવા ચેકની રકમ કરતાં બમણી રકમનો દંડ અથવા તે બંને શિક્ષા કરવામા આવશે.

પરંતુ આ કલમમાંનો કોઈ પણ મજકુર લાગુ પડશે નહી સિવાય કે–

(એ) ચેક ઉપર જે તારીખ લખી હોય તે તારીખ થી છ મહીનાની મુદત અથવા ચેકની જે કાયદેસરની મુદત હોય તે બેમાંથી જે વહેલી હોય તે મુદતની અં દર ચેક બેંકમા રજુ કરવામા આવ્યો હોય,

(બી) ચેકનો પેઈ અથવા યથા ક્રમધારક તે ચેક વણ ચુકવ્યો પરત આવવા સંબંધી બેંક પાસેથી તેને માહીતી મળ્યાના ત્રીસ દિવસની અંદર ચેક લખનારને લેખિતમા નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને

(સી) એવા ચેક લખનારે ચેક લેનાર ચેકના પેઈ અથવા તેના યથાક્રમ ધારકને સદરહું નાણાંની ચુકવણી સદરહું નોટીસ મળ્યાના પંદર દિવસની અંદર કરી ન હોય,

સ્પષ્ટીકરણ :– આ કલમના હેતુઓ માટે '' દેવા અથવા જવાબદારી '' એટલે કાયદેસર અમલ કરી શકાય તેવા દેવા અથવા બીજી જવાબદારી.

(૮.૨) <u>કલમ–૧૧૮ વટાઉખત વિશે માની લેવાની બાબત :–</u>

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામા આવશે.

ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતુ.

ખ) તારીખ વિશે :

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

ગ) સ્વીકારના સમય વિશે :

સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વાજબી સમયમાં સ્વીકારવમાં આવ્યુ હતું.

ઘ) તબદીલીના સમય વિશે :

કોઈ વટાઉ ખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

ચ) શેરાઓના ક્રમ વિશે :

કોઈ વટાઉ ખત ઉપર કરેલાં હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા;

છ) સ્ટેમ્પ વિશે :

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ,વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :

કોઈ વટાઉ ખતનો ધારક યથાક્રમ ધારક છે: પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી, અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી

વ્યકિત પાસેથી, કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે, તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

(૮.૩)<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૯</u>

વિરૂધ્ધની હકીકત સાબિત ના થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામા આવશે કે, તે ચેક ધારણ કરનારે, તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાથી બોજમુકત થવાના બદલામા તે ચેક મેળવ્યો હશે.

(૮.૪) <u>કલમ–૧૪૬ બેંકની સ્લિપ અમુક તથ્યોના પ્રથમદર્શી પુરાવા :–</u>

કોર્ટ ,આ પ્રકરણ હેઠળની દરેક કાર્યવાહીના સંદર્ભમાં, બેંકની સ્લિપ અથવા તેના પર ચેકનો અસ્વિકાર કરવામા આવ્યો હોવાનુ દર્શાવતુ અધિકૃત સીલ ધરાવતા મેમોના રજુ કરવા પર, ચેક ના અનાદર ની હકીકત માની લેવાની રહેશે.સિવાય કે, જયાં સુધી ચેક ના અનાદર થયાની હકીકત ખોટી સાબીત ના થાય.

(૮.૫)નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો:

આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ના આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. **ના. સુપ્રિમ કોર્ટ ના જુગેશ સેહગલ વિ. શમશેરસિંગ ગોગી (૨૦૦૯)૧૪ એસ.સી.સી.૬૮૩,** ના ચુકાદા મા જણાવેલ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે અને તે તત્વો સંતોષાયા બાદ જ ચેક લખીઆપનાર

(ડ્રોઅર) એ ઉપરોકત કાયદા હેઠળ ગુનો કરેલ છે તેમ માની લેવાનુ છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા બીજી વ્યકિતને ચેક લખી આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. બેંક દવારા ચેક વણચુકવાયે પરત કરેલ.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ સમય મર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (ડ્રોઅર) ને મોકલેલ હતી.

૬. ચેક લખનાર (ડ્રોઅર)આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમય મર્યાદામાં ચુકવી આપેલા નથી.

(૯) કાયદા ની જોગવાઈ ના સંદર્ભ મા પુરાવાનુ મુલ્યાંકન :

આ કામે હાલના ફરીયાદી ધ્વારા આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે સદર ગુનાના તત્વો ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા સાથે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૧૮(એ) ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં

આવશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ છે. ઉપરોકત બંન્ને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ, બંન્ને જોગવાઈમાં ''**વિરુધ્ધનું સાબિત ના થાય તો**'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. વિરુધ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન આરોપીએ પ્રીપ્રોન્ડરન્સ ઓફ પ્રોબીલીટી યાને કે સંભવિત તથ્ય તરફ દોરવણી કરતા પુરાવાથી અનુમાનનું ખંડન કરવાનું છે. જે સંભવિત તથ્ય તરફ દોરી જતો પુરાવો એટલે કે જે રીતે સમજદાર વ્યકિત સમજી શકે તેવો હોવો જોઈએ. માત્ર ડીનાઈલ કરવાથી અનુમાનનું ખંડન થઈ શકે નહી. આવું અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.તેજ રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૪૬ ની જોગવાઈ અનુશાર બેંકની સ્લિપ અમુક તથ્યોના સંદર્ભમા પ્રાથમીક પુરાવો છે.ફરીયાદપક્ષે ચેકનો અનાદર થયાનુ બતાવવા માટે બેંક સ્લિપ અથવા મેમો કે જેના ઉપર બેંકનુ અધિકૃત સીલ હોય તે રજુ કરે ત્યારે, ચેકનો અનાદર થયેલો છે તેવુ પ્રથમદર્શી કોર્ટ અનુમાન કરી શકે છે. સિવાય કે જયાં સુધી આવી હકીકત ખોટી સાબીત કરવામા ના આવે.

(૧૦) ફરીયાદની હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાઓના જવાબ અંગેના મારા વિગતવારના કારણો/તારણો નીચે મુજબ છે.

સામાન્ય રીતે પ્રથમ ફરીયાદીએ પોતાનો કેસ શંકાઓથી પર સાબીત કરવો જોઈએ. તેવી કાયદા ની રીતરસમ અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો છે. ફરીયાદી ધ્વારા ફરીયાદ દાખલ કરેલ છે અને જે આક્ષેપો કરેલા છે તેના અનુસંધાને આંક–૪થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે તેમજ આંક–૧૪ થી ૨૧, આંક–૨૬ થી ૨૮ તથા આંક–૪૦ અને આંક–૪૧ વાળા દસ્તાવેજો રજુ કરેલ છે તે ફરિયાદી તથા

શાહેદની જુબાનીમા રીફર કરેલ છે.

આ કામે ફરીયાદીએ સરતપાસનુ સોગંદનામુ દાખલ કરેલ છે. જેમાં, આંક–૧૪ થી રજુ થયેલ ચેક ની વિગતો સરતપાસના સોગંદનામામાં રીફર કરેલ છે અને તે રીતે ચેક ની હકીકતો ને પુરાવા ધારાની જોગવાઈ મુજબ સાબિત કરેલી છે. જેથી આરોપીએ ફરીયાદીને આંક–૧૪ વાળો ચેક આપેલો છે તેવુ સાબિત થયેલુ છે. આરોપીએ ફરીયાદીને તકરારી ચેક કાયદેસર ના દેવા અને જવાબદારી પેટે આપેલ છે કે કેમ ? તેની ચર્ચા પાછળથી કરવામા આવેલ છે. તે પહેલા ચેક સમયમર્યાદામા રજુ થયેલ છે કે કેમ? તે જોવામા આવે તો, સદર ચેક તારીખ ૦૭/૧૧/૨૦૨૨ ના રોજનો છે. કોઈ પણ ચેક જે તે ચેક ની તારીખ થી છ મહીના ની અંદર અથવા ચેકની સમયમર્યાદા જે તે સમયના કાયદાથી જે નકકી થયેલી હોય તેમાથી જે પહેલા હોય તે સમયમાં ચેક બેન્કમા રજુ થયેલો હોવો જોઈએ. આંક–૧૬ વાળા રીર્ટન મેમો માં દર્શાવ્યા મુજબ સદર ચેક રીર્ટન તા.૧૦/૧૧/૨૦૨૨ના રોજ થયેલ છે. આંક–૧૪ વાળો ચેક ઉપર દર્શાવ્યા મુજબ ચેક ઈસ્યુ થયાના ત્રણ માસ સુધી વેલીડ છે. જેથી, તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં સ્વીકારવા રજુ થયેલ છે તે સાબીત થયેલુ છે. ફરીયાદીએ સદરહુ ચેક તેઓની બેંક મારફતે સ્વીકારવા રજુ કરતાં સદર ચેક વણચુકવ્યે પરત થયેલ, તેની જાણ ફરીયાદીને બેંક શાખા ધ્વારા તા.૧૦/૧૧/૨૦૨૨ ના રીર્ટન મેમો થી કરેલી, જેમાં તકરારી ચેકનો નંબર તથા તકરારી ચેક ની રકમ પણ દર્શાવેલ છે તે જ છે. વધુમાં, રીર્ટન મેમો ''**ફંડસ ઈનસફીસીયન્ટ**'' ના કારણે રીર્ટન થયેલ છે તે દર્શાવેલ છે. ઉપરોકત ચેક વણચુકવ્યે પરત થતા ફરીયાદીએ વકીલ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને આપેલી તે નોટીસ આરોપીને બજી ગયેલ છે જેથી કાયદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં નોટીસ ની જાણ આરોપી ને છે તે માની લેવાનું છે. તે રીતે ઉપરોકત ચેક પરત થતા રકમના માંગણાની કાયદેસરની નોટીસ આરોપીને બજી ગયેલ છે તેમજ નોટીસની હકીકતો જોતાં, ફરીયાદની હકીકતોને સમર્થન મળે છે તથા ફરીયાદ મા જણાવેલ ચેક

અને ચેક ની વિગતો ને સમર્થન મળે છે. જેથી ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ ચેક રીર્ટન થતા ચેકના રકમની માંગણા ની કાયદા મુજબ ની નોટીસ આરોપી ને સમય મર્યાદા મા આપેલી છે. તે સાબીત થયેલુ છે.

સામાન્ય રીતે પ્રથમ ફરીયાદીએ પોતાનો કેસ શંકાઓથી પર સાબીત કરવો જોઈએ. ફરીયાદીએ અસલ ચેક, નોટીસની બજવણી થયેલાની ઓનલાઈન કન્સાઈનમેન્ટ તથા રીર્ટન મેમો રજુ કરેલ છે અને સરતપાસનુ સોગંદનામુ પણ રજુ કરેલ છે અને વિટનેશ બોક્ષમાં આવી ઉલટતપાસ પણ કરેલ છે. તે નોંધવુ આવશ્યક છે કે તકરારી ચેકમાં કરેલી સહી બાબતે આરોપીએ કોઈ તકરાર લીધેલી નથી. જેથી ચેક ઉપરની સહી બાબતે આરોપીએ સ્વીકૃતી કરેલી છે. જેથી ધી ને.ઈ.એકટની કલમ–૧૧૮(એ) મુજબ આરોપીએ ચેક અવેજ માટે કરી આપ્યો હતો અથવા તો લખી આપ્યો હતો તેવું અનુમાન છે. વધુમા ધી ને.ઈ.એકટ ની કલમ–૧૩૯ હેઠળ આરોપી વિરુધ્ધ નુ અનુમાન ઉપલબ્ધ છે કે, જયાં સુધી વિરુધ્ધ નુ સાબિત ન થાય ત્યાં સુધી ચેક ના ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ મા દર્શાવ્યા મુજબ તેના કોઈ કાયદેસરના દેવા અથવા જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગના ચુકવણા પેટે તકરારી ચેક મેળવ્યો હશે. હાથ ઉપરના કેસમા તકરારી ચેકમાં આરોપીની સહી બાબતે કોઈ તકરાર નથી અને સ્વિકૃતિ છે. જેથી હાલના સ્ટેજે ધી નેગો.ઈ.એકટની કલમ– ૧૧૮ અને ૧૩૯ નુ અનુમાન ફરીયાદીની તરફે મદદમા આવેલ છે. સમગ્ર પુરાવો જોતા ફરીયાદ પક્ષે પોતાનો કેસ પ્રથમદર્શી રીતે સાબિત કરેલ છે. જેથી અત્રેની કોર્ટ અનુમાન કરી શકે છે કે, આરોપી એ આપેલો અથવા લખેલો ચેક કોઈ અવેજ અને કાયદેસરની જવાબદારી અથવા દેણાં પેટે આપેલ છે. આ તબકકે ફરીયાદીએ કાયદેસરનુ દેવું સાબીત કરેલુ છે. આમ, હવે સાબીતીનો ભાર આરોપી તરફે ખસે છે.

(૧૧) ફરીયાદ પક્ષ ધ્વારા પોતાનો કેસ સાબીત કરી ને આરોપી તરફે સાબીતી નો ભાર ખસેડેલ છે, ત્યારે આરોપી યાને કે બચાવ પક્ષે કેવો બચાવ લેવાનો છે તે કાયદાના

પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં, ઉપરોકત ફરીયાદ પક્ષે અનુમાન કરવામા આવેલ બંને કલમ હેઠળ ફરીયાદ પક્ષની તરફેણમા પ્રારંભિક અનુમાન થઈ શકે છે. પરંતુ, બન્ને જોગવાઈઓમાં " **વિરુધ્ધનુ સાબિત ના થાય તો** " તેવા શબ્દો પ્રયોજવામા આવેલા છે. વિરૂધ્ધનુ પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર આરોપી વિરુધ્ધ કરવામા આવેલા અનુમાનનુ ખંડન આરોપીએ પ્રિ–પ્રોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી યાને કે સંભવિત તથ્ય તરફ દોરવણી કરતા પુરવાથી કરવાનુ છે. જે સંભવિત તથ્ય તરફ દોરી જતો પુરાવો એ રીતે કે, સમજદાર વ્યકિત સમજી શકે તેવો હોવો જોઈએ. આવો પુરાવો મૌખિક અથવા દસ્તાવેજી હોઈ શકે છે. ફરીયાદીએ મૌખિક અથવા દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હોય તેના ઉપર પણ આરોપી આધાર રાખી શકે છે. તે માટે આરોપીએ વીટનેશ બોક્ષ મા આવવાની જરુર નથી. આરોપી ફરીયાદીની ઉલટતપાસ કરીને પુરાવાનો ભાર હળવો કરી શકે છે. તે રીતે ફરીયાદીએ રજુ કરેલા પુરાવાનો ઉપયોગ કરીને પણ પુરાવાનો ભાર ફરીયાદી તરફ ખસેડી શકે છે તેમજ સંજોગો આધારીત પણ પુરાવાનો ભાર આરોપી હળવો કરી શકે છે. પરંતુ માત્ર ડીનાઈલ કરવાથી અનુમાનનુ ખંડન થઈ શકે નહી. આવુ અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

હવે તે જોવાનું છે કે, ફરીયાદી ધ્વારા પ્રથમ પોતાનો કેસ સાબિત કરેલ છે અને ફરીયાદીનો કેસ સાબીત થતા આરોપીના શીરે ફરીયાદીના પુરાવાનુ ખંડન કરવાનો બોજો આવેલ છે, તે પુરાવાનો ભાર હળવો કરીને, શુ ફરીયાદી તરફે ફરીયાદપક્ષનો કેસ શંકાઓથી પર સાબીત કરવાનો ભાર ખસેડેલ છે ? આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ તથા દલીલોમા મુખ્યત્વે નીચે મુજબના બચાવ લીધેલા છે.

(૧૨) આ કામે બચાવપક્ષ દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બરોડા બેન્ક વડાલી શાખામાં આશરે સાત વર્ષ પહેલાં ખાતુ ખોલાવેલ. ત્યારબાદ સદર ખાતુ ચાર વર્ષ પહેલાં

હિંમતનગર મહાવીરનગર શાખામાં ટ્રાન્સફર કરાવેલુ. હિંમતનગર બ્રાન્ચના ખાતામાં ચેક જમા કરાવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. શાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બેન્ક ઓફ બરોડા, અમદાવાદમાં જમા કરાવેલો પરંતુ કઈ શાખામાં કરાવેલો તે હાલ તેઓને ચોકકસ યાદ નથી. આરોપી પાસે રૂા. ૬,૭૦,૦૦૦/– બાકી નીકળતા હોય એવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. આંક–૨૬ના સ્ટેટમેન્ટમાં તા. ૭–૧૧–૨૨ના રોજ રૂા.૫૦,૦૦૦/– ની બે વખત એન્ટ્રી આરોપીના નામની છે. સદર પૈસા તેઓના એટલે કે ફરિયાદીના ખાતામાંથી આરોપીના ખાતામાં ફોન પેથી જમા થયેલ છે. આંક–૧૪ વાળા ચેકમાં ચેકની તારીખ ૭–૧૧–૨૨ની છે. આંક–૧૪વાળો ચેક તા. ૭–૧૧–૨૨ના રોજ તેઓએ બેન્કમાં જમા કરાવેલ અને તે જ તારીખે આરોપીના ખાતામાં ફોનપેથી રૂા. ૧,૦૦,૦૦૦/– જમા કરાવેલ. આરોપી સાથે મટીરીયલ બાબતે કોઈ કરાર કરેલ હોય કે મટીરીયલ બાબતે કોઈ ઓર્ડર કેન્સલ કરેલ હોય તે બાબતનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. શાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મટીરીયલનો ઓર્ડર મૌખિક (ટેલીફોનીક) આપેલ હતો અને ઓર્ડર કેન્સલ પણ મૌખિક (ટેલીફોનથી) કરાવેલ હતો. તેઓ આર્કીટેકનો વ્યવસાય આઠેક વર્ષથી કરે છે. શાહેદ જણાવે છે કે તેઓના પાર્ટનર આર્કીટેક છે. તેઓ પાન કાર્ડ ધરાવે છે. તેઓ રીટર્ન ભરતો નથી. તેઓની માસીક આવક ચાલીસ પચાસ હજાર છે. આ આરોપી સાથે અગાઉ વ્યવહાર થયેલાનો કોઈ લેખિત પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી. તેઓએ આરોપીને રૂ.૬,૭૦,૦૦૦/– મટીરીયલ્સ પેટે એડવાન્સ ચુકવેલ અં ગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આરોપી સાથે તેઓને મટીરીયલ્સ બાબતે કોઈ લેખિત પુરાવો રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે મૌખિક ઓર્ડર આપેલો. તેઓને મટીરીયલ પહોચાડેલ ન હોવા અંગે આપેલી નોટીસ તેઓએ હાલના કામે રજુ કરેલ નથી. તેઓએ આરોપીને ઓર્ડર કેન્સલ કર્યા અંગેની નોટીસ આપેલી છે. તેઓએ હાલના કામે આરોપીને ઓર્ડર કેન્સલ કર્યા અગે આપેલ નોટીસ રજુ કરેલ નથી,

તેઓએ આઈટીઆઈ સિવિલ અને ઈન્ટીરીયર ના લગત કોર્સ કરેલા છે. તેઓ ઈન્કમટેક્ષ રીર્ટન ફાઈલ કરતા નથી. તેઓની આવક ઓછી હોવાથી તેઓ રીટર્ન ફાઈલ કરતા નથી. તેઓ અમુક આવક જાવકના હિસાબો રાખે છે અને અમુક રાખતા નથી. આરોપીને મટીરીયલ માટે પૈસા આપેલ હોય અને તે પૈસા લેવાના બાકી નીકળતા હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આરોપીને તેઓએ કઈ તારીખે, કયા વર્ષમાં, કઈ જગ્યાએ, કેટલી રકમ આપી તેનો કોઈ ઉલ્લેખ તેઓની નોટીસ ફરીયાદ કે સરતપાસમાં જણાવેલ નથી. તેઓ બેંકની કાર્યવાહીથી માહીતગાર છે. કોઈ પણ બેંકમાં ચેક જમા કરાવે એટલે કાઉન્ટર સ્લીપ ભરવામાં આવે છે. કાઉન્ટર સ્લીપમાં અડધો ભાગ બેંકમાં રહે અને અડધો ભાગ ભરનારની સહી તથા બેંકનો સિકકો હોય છે. આંક. ૧૫ થી જે કાઉન્ટર સ્લીપ રજુ કરેલ છે તેમાં તેઓની સહી કે બેંકનો સિકકો નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બેંકનો ટાઈમ થઈ ગયેલ હોવાથી સિકકો કરેલ નથી તેમને કહેલ કે ડ્રોપ બોક્ષમાં નાખી દો. આંક.૧૪ વાળા ચેકમાં ખાતાધારકનું નામ કોમ્પ્યુટર ટાઈપ કરેલ નથી. આંક.૧૪ વાળા ચેકમાં બેંક ઓફ બરોડા હિમતનગર શાખાનો કોઈ સિકકો મારેલ નથી. આંક.૧૪ વાળો ચેક હિમતનગર શાખામાં ભરેલ નથી. આંક. ૧૬ વાળા રીર્ટન મેમો માં ફ્રોમ કોટક મહિન્દ્રા બેંક લી. લખેલ છે તથા નીચે સીટી બેંક ઓફીસ અમદાવાદ અને ઉપર બેંક ઓફ બરોડા લખેલુ છે. હિમતનગરની કોઈ બેંકે રીર્ટન મેમો આપ્યો હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી. આંક. ૧૭ વાળી નોટીસ તા.૫/૧૨/૨૦૨૨ ના રોજ આપેલી તેની પોસ્ટ કર્યા અંગેની આરપીએડીની પાવતી રજુ કરેલ નથી. આંક.૧૮ થી જે પાવતી રજુ કરેલ છે તે તા.૭/૧૨/૨૦૨૨ ના રોજની અસલ પાવતી છે તે તારીખે વકીલ મારફતે નોટીસ આપેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આંક.૧૭ વાળી નોટીસમાં બેંક ઓફ બરોડા હિમતનગર શાખાનો કયાંય ઉલ્લેખ નથી. હાલના કામનો કહેવાતો તેઓનો વ્યવહાર અમદાવાદ મુકામે થયેલ છે અને આરોપી પણ અમદાવાદના છે. હાલના કામે આંક.૧૪

વાળો રજુ થયેલ ચેક પણ કોટક મહિન્દ્રા બેંક શ્યામલ ક્રોસ રોડ અમદાવાદ શાખાનો છે. આંક.૧૪ વાળા ચેકમાં આગળના ભાગે બેંક ઓફ બરોડા મેમનગર શાખા અમદાવાદ નો સિકકો મારેલો છે. આરોપીને નોટીસ બજેલ હોય તે બાબતે સહી વાળો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આરોપીને નોટીસ બજેલ કે વ.બજે પરત નથી તે બાબતે પોસ્ટ ઓફીસમાં કોઈ અરજી આપેલ હોય તેવો પુરાવો રજુ કરેલ નથી. તેઓએ રજુ કરેલ આંક.૨૧ વાળા કવરમાં ''પાર્ટી મળતી નથી'' તેવો શેરો હોવાનો તા. ૧૦/૧૨, ૧૨/૧૨, ૧૩/૧૨, ૧૪/૧૨,૧૫/૧૨, ૧૬/૧૨ તેવો પોસ્ટમેનનો શેરો કવર ઉપર પોસ્ટ મેનએ મારેલ છે. તેઓએ બે ચુંટણી કાર્ડ રજુ કરેલ છે તેમાં તેઓનુ સરનામુ વડાલી અને સુરત માંગરોળનુ જણાવેલ છે. તેઓ હિમતનગર ખાતે રહેતા હોય તે દર્શાવતો કોઈ લેખિત પુરાવો રજુ કરેલ નથી. તેઓના બંને ચુંટણી કાર્ડમાંથી એકમાં તેઓનુ નામ સાગર મઢવી છે અને બીજામાં તેઓનુ નામ સાગર રાવલ લખેલુ છે. સદર લેટર પેડમાં તા.૧૮/૧/૨૦૨૪ કાળી પેનથી ઉપર તથા નીચે મુકામ હિમતનગર લખેલ છે. તેઓને એકાઉન્ટ લેઝરની કોપી બતાવવામાં આવતાં, તેમાં તા.૭/૧૧/૨૦૨૨ ના રોજ રૂ.૫૦,૦૦૦/– તથા તા.૭/૧૧/૨૦૨૨ ના રોજ રૂ.૫૦,૦૦૦/– આરોપીના ખાતામાં જમા કરાવેલ છે.જે એકાઉન્ટ લેઝરની કોપી આંક–૨૬થી રજુ કરેલ છે. આંક–૨૬ વાળા પુરાવામાં જે રૂા.૫૦૦૦૦/– ની બે એન્ટ્રી છે તે વિધિ ટ્રેડીંગ અને ધ્રુવ પટેલના નામની છે. આંક.૨૬વાળા દસ્તાવેજમાં બેંકના કોઈ સહી સિકકા કે તેઓની સહી નથી. યુનીયન બેંક ઈન્ડિયા હિમતનગર શાખાનો તેઓના બેંક એકાઉન્ટનો નંબર 115310100019139 ઉતારો તેઓએ રજુ કરેલ છે તેમાં તા.૬/૧૧/૨૦૨૨ ના રોજ તેઓએ ફોન પે થી રૂ.૫૦૦૦૦/– વીઆઈડી ને ચુકવેલા છે તેવી એન્ટ્રી છે. સદર યુનીયન બેંક ઈન્ડિયા હિમતનગર શાખાનો તેઓના બેંક એકાઉન્ટનો નંબર.115310100019139 ઉતારો આ કામે આંક–૨૭ થી રજુ છે. વધુમાં ફરીયાદી તેમની ઉલટતપાસમાં જણાવે છે કે, કોઈપણ ખાતાધારકમાંથી કોઈપણ ખાતાધારકમાં પૈસા જમા થાય તેની નામ સાથેની

એન્ટ્રી સરળતાથી મળી શકે છે.

(૧૩). ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશયક તત્વો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા અને ઉલટ તપાસ દરમ્યાન અંગીકાર કરેલ હકીકત ધ્યાને લેતાં એ હકીકત પક્ષકારો વચ્ચે બીન તકરારી છે કે આંક–૧૪થી રજુ કરેલ ચેક તહોમતદારના ખાતા નો છે. હાલના કામે આંક–૧૪ વાળા ચેક માં આરોપી એ પોતાની સહી ન હોવાની તકરાર લીધી નથી કે તકરારી ચેક આરોપીએ ફરીયાદીને આપેલ નથી તેવી પણ કોઈ રજુઆત નથી. વધુ માં આરોપી ના વિશેષ નિવેદન માં પણ તેઓએ ચેક માં પોતાની સહી નથી તેવો કોઈ બચાવ લીધો નથી. વધુમાં આંક–૧૪ વાળો ચેક આરોપીના ખાતાનો ન હોવાની પણ કોઈ તકરાર નથી આમ તકરારી ચેક અંગે આરોપીની સ્વીકૃતી રહેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. આથી બાકી રહેતા પ્રશ્નોમાં આરોપીએ ફરીયાદી ને સવાલ વાળો ચેક કાયદેસરના લેણા પેટે ન આપેલ હોવાની તકરાર બાકી રહે છે.

(૧૪) સદર કામે ફરિયાદી તરફે **આંક–૩૯ થી શાહેદ મનોજકુમાર ખીમજીભાઈ મેવાડાની** સોગંદ ઉપરની જુબાની રજુ કરવામાં આવેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, તેઓ બેંક ઓફ બરોડામાં ઓપરેશન ઓફિસર તરીકે હિંમતનગરની મહાવીરનગર શાખામાં નોકરી કરે છે. તેઓએ પોતાના પુરાવામાં ફરિયાદી સાગરભાઈ પ્રફુલભાઈ મઢવીના નામનુ બેંક એકાઉન્ટ તેઓની બેંકમાં હોવાનુ, તેનો ખાતા નં. ૪૬૮૫૦૧૦૦૦૦૧ ૨૩૧ હોવાનુ તેમજ આ કામના ફરિયાદીએ તેએની બેંકમાં ચેક નં. ૦૦૦૦૦૧નો તા. ૧૦–૧૧–૨૦૨૨ના રોજ ડીપોઝીટ કરેલ અને સદર ચેક 'ફંડ ઈનસફીશીયન્ટ'ના કારણે પરત થયેલો તેવી હકીકતોને સમર્થન આપેલ છે.

સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ખાતાધારકને પાસબુક આપવામાં આવે છે અને તેમાં તેઓએ કરેલ ટ્રાન્ઝેકશનની

વિગતો પ્રિન્ટ કરવામાં આવે છે. ચેક વસુલાત માટે જે બેંકમાં રજુ થાય તે બેંકનો કલીયરન્સ અથવા તો ટ્રાન્સફર બાબતનો સિકકો આવે છે. સદર ચેકમાં તેઓની બેંકની મેમનગર શાખા અમદાવાદનો સિકકો મારવામાં આવે છે. આંક.૧૪ વાળો ચેક તેઓની બેંકની મહાવીરનગર શાખામાં જમા થયેલ નથી કે તેઓની બેક મહાવીરનગર શાખાનો કોઈ સિકકો મારેલ નથી. આંક.૧૫ વાળી કાઉન્ટર સ્લીપમાં તેઓની બેંકનો કોઈ સિકકો મારવામાં આવેલ નથી. કોઈપણ ચેકની કાઉન્ટર સ્લીપ ભરવામાં આવતી હોય તો કાઉન્ટર સ્લીપમાં બેંકનો સિકકો મારવામાં આવતો હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બપોરના સાડા બાર સુધી તેઓની બેંકમાં મહાવીરનગર શાખામાં કલીયરીંગમાં લઈએ તો તેની કાઉન્ટર સ્લીપમાં સિકકો મારે છે અને સાડા બાર પછી રજુ થાય તો ડ્રોપ બોક્ષમાં નખાવે છે. સને ૨૦૧૪ પછી સીટીએસ (કોમ્પ્યુટર) નામવાળા ચેક આવી ગયેલ છે. આંક.૧૪ વાળા ચેકમાં ખાતાધારકનુ નામ કોમ્પ્યુટરથી છાપેલ નથી. આંક.૨૬ વાળા બેંકના સ્ટેટમેન્ટમાં બે એન્ટ્રી ઉપરથી કોના ખાતામાં જમા થયેલ છે તે તેઓ કહી શકે નહિં. તેમજ શાહેદ જણાવે છે કે તેઓની બેંક પાસે યુપીઆઈ આઈએમપીએસનુ પોર્ટલ છે જેના દ્વારા કઈ બેંકમાં અને કોના ખાતામાં જમા થયેલ છે તે કહી શકે છે. આંક.૨૬ માં જણાવેલ બે એન્ટ્રી ઉપરથી આરોપીના ખાતામાં જ પૈસા જમા થયેલ છે તે તેઓ ચોકકસ કહી શકે નહિં પરંતુ પોર્ટલ જોઈને કહી શકે. આ પૈસા આરોપીના ખાતામાં જમા થયેલ છે કે કેમ તે તેઓ ચોકકસ કહી શકે નહિં.

(૧૫) સદર કામે આરોપી પક્ષે **ફારૂકભાઈ ઈબ્રાહીમભાઈ દાયમાનાઓને આંક–૫૦** થી તપાસવામાં આવેલા છે. જેમા તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૮/૯/૨૦૨૫ થી બેંક ઓફ બરોડામા બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવે છે. સામાન્ય રીતે સ્લીપનો અડધો ભાગ ગ્રાહક પાસે હોય છે અને જેમા બેંકનો સીકકો હોય છે અને તે ચેક કલીયરન્સ માટે કલીયરીંગ હાઉસમાં મોકલવામાં આવતો હોય છે. કલીયરીંગ હાઉસમાં ચેકની

તારીખ, રકમ, નામ, ખાતા ધારકની સહીની ખરાઈ કરવામાં આવતી હોય છે. ત્યારબાદ ખાતા નંબર લખતી હોય છે. તેઓ આજરોજ બચત ખાતા નં. ૪૬૮૫૦૧૦૦૦૦૧૨૩૧ નો ખાતાનો ઉતારો લાવેલ છે જે આંક–૫૧ થી પુરાવામાં રજુ છે. આંક–૧૪ ના ચેકમાં પે કોલમમાં સાગરભાઈ રાવલ લખેલ છે. ફરીયાદીનું તેઓની બ્રાન્ચમાં કોઈ ખાતુ નથી. આં ક–૧૫ ના કાઉન્ટર સ્લીપમાં બેંકના સહી સીકકા નથી. આ ચેક કોટક મહીન્દ્રા બેંક ધ્વારા પરત કરેલ. આંક–૧૬ નો રીટર્ન મેમો તેઓની બેંકે આપેલો નથી. જે ચેક જે બેંક ધ્વારા ઈશ્યુ કરેલ હોય તે રીટર્ન મેમો આપી શકે. આ રીર્ટન મેમો તેઓની જે બ્રાન્ચમાં જમા થયો હોય તે બ્રાન્ચ મોકલાવે. ૨૦૧૦ પછી સી.ટી.એસ. ચેક ફોર્મેટમાં આવી ગયા.

જયારે ફરીયાદપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, તેઓની બેંકનો ગ્રાહક ગુજરાત રાજયમાં કોઈપણ બેંકની શાખામાં એકાઉન્ટ ધરાવતો હોય તેમ છતા પણ એ જ બેંકની બીજી શાખામાં પણ ચેક ભરી શકે. સવાલ: ફરીયાદીનુ ખાતુ હિમતનગર બ્રાન્ચમાં હોય જેથી તેઓએ ચેક બેંક ઓફ બરોડાની અન્ય શાખા મેમનગર અમદાવાદ ખાતે ચેક જમા કરાવેલો. જવાબ. આ કામના ફરીયાદીનું ખાતુ સૌપ્રથમ બેંક ઓફ બરોડા જીવરાજ શાખા અમદાવાદ ખાતુ ખોલાવેલ હતુ અને ત્યારબાદ તા.૨૩/૭/૨૦૨૧ ના રોજ બેંક ઓફ બરોડા હિમતનગર શાખામાં ટ્રાન્સફર કરાવેલ અને હાલનો ચેક તેઓની શાખામાં મેમનગર, અમદાવાદ ખાતે જમા કરાવેલ છે. બેંકના કામકાજના સમય સીવાય કોઈ ખાતેદાર ચેક જમા કરાવવા માં ગતો હોય તો કાઉન્ટર સ્લીપ ભરી ચેક સાથે ડ્રોપ બોક્ષમાં મુકવાની સુવીધા હોય છે. સવાલ: આ સફેદ પાવતીની સાથે ચેક જમા થયેલ હોય જેથી રીટર્ન મેમો આવેલ જવાબ: ચેક જમા થયેલ હોય જેથી રીટર્ન મેમો આવેલ. ફરીયાદીની બેંકમાં ચેક જમા થાય અને તે ચેક કલીયરન્સ માટે આરોપીની બેંકમાં મોકલવામાં આવે તો આરોપીની બેંકે ચેક રીટર્ન મેમો ફરીયાદીની બેંકને મોકલી આપે છે એ જ રીટર્ન મેમો ફરીયાદીને આપે છે.

(૧૬) સદર કામે ફરીયાદીની ફરીયાદ તેમજ ફરીયાદપક્ષે રજુ પુરાવાનું ખંડન કરવા સારૂ

આરોપી પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમજ પોતાના બચાવમાં આરોપીપક્ષે સાહેદ ફારૂકભાઈ ઈબ્રાહીમભાઈ દાયમાને સોગંદ પર તપાસેલા છે તેમજ આંક-૨૬ થી ૨૮, ૫૧, ૫૭, ૫૮, ૫૯ વાળા દસ્તાવેજી આધાર પુરાવા રજુ રાખેલ છે અને એવો બચાવ લીધેલ છે કે,આ કામના ફરીયાદી અનેઆરોપી વચ્ચે ફરીયાદી જણાવે છે તેવો કોઈ વ્યવહાર થયેલ નથી અને તકરારી ચેક આરોપીના અમદાવાદ મુકામેના ખાતાનો હોય અત્રેની અદાલતને હાલની ફરીયાદ ચલાવવાનો કોઈ હકુમત રહેતી નથી તેથી ફરીયાદીની ફરીયાદ રદ થવાને પાત્ર છે. તેમજ વધુમાં એવો બચાવ લીધેલ છે કે, ફરિયાદીએ અમારો કોરો ચેક બળજબરીપૂર્વક મેળવીને ખોટી રીતે રકમ ભરીને હાલની ખોટી ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ કરેલ છે. આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યા છે તે બચાવ અનુસંધાને સમગ્ર રેકર્ડ ધ્યાને લઈ તો, ફરીયાદી તેમના મૌખીક પુરાવામાં એવી હકિકત જણાવે છે કે,તેઓએ બરોડા બેન્ક વડાલી શાખામાં આશરે સાત વર્ષ પહેલાં ખાતુ ખોલાવેલ. ત્યારબાદ સદર ખાતુ ચાર વર્ષ પહેલાં હિંમતનગર મહાવીરનગર શાખામાં ટ્રાન્સફર કરાવેલુ. આમ ફરીયાદીનું હિંમતનગર મહાવીરનગર શાખામાં બેંક એકાઉન્ટ રહેલ હોવાની હકિકત ફલીત થાય છે. વધુમાં ફરીયાદપક્ષે સોગંદ પર તપાસવામાં આવેલ સાહેદ મનોજકુમાર ખીમજીભાઈ મેવાડા નાઓનો સોગંદ પરનો પુરાવો ધ્યાને લેતા સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ બેં ક ઓફ બરોડામાં ઓપરેશન ઓફિસર તરીકે હિંમતનગરની મહાવીરનગર શાખામાં નોકરી કરે છે. ફરિયાદી સાગરભાઈ પ્રકુલભાઈ મઢવીના નામનુ બેંક એકાઉન્ટ તેઓની બેંકમાં હોવાનુ, અને તેનો ખાતા નં. ૪૬૮૫૦૧૦૦૦૦૧૨૩૧ હોવાનુ તેમજ આ કામના ફરિયાદીએ તેએની બેંકમાં ચેક નં. ૦૦૦૦૦૧નો તા. ૧૦-૧૧-૨૦૨૨ના રોજ ડીપોઝીટ કરેલ અને સદર ચેક 'ફંડ ઈનસફીશીયન્ટ'ના કારણે પરત થયેલો હોય તેવી તમામ હકિકતો જણાવી ફરીયાદીની ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ છે. આમ સાહેદનો પુરાવો ધ્યાને લેતા, આ કામના ફરીયાદી હિમતનગર મુકામે બેંક ઓફ બરોડામાં પોતાના

ખાતુ ધરાવતા હોય તેવુ રેકર્ડ પર પુરવાર થયેલ છે. વધુમાં સાહેદનો પુરાવો ધ્યાને લેતા, તેઓ એવી હકિકત પણ જણાવે છે કે, કોઈ પણ બેંકમાં ચેક જમા કરાવે એટલે કાઉન્ટર સ્લીપ ભરવામાં આવે છે. કાઉન્ટર સ્લીપમાં અડધો ભાગ બેંકમાં રહે અને અડધો ભાગ ભરનારની સહી તથા બેંકનો સિકકો હોય છે. આંક.૧૫ થી જે કાઉન્ટર સ્લીપ રજુ કરેલ છે તેમાં તેઓની સહી કે બેંકનો સિકકો નથી. તેઓએ એમ પણ જણાવેલ છે કે, બેંકનો ટાઈમ થઈ ગયેલ હોવાથી સિકકો કરેલ નથી તેમને કહેલ કે ડ્રોપ બોક્ષમાં નાખી દો આમ આંક.૧૪ વાળા ચેકમાં બેંક ઓફ બરોડા હિમતનગર શાખાનો કોઈ સિકકો રહેલ નથી તેમજ આંક.૧૪ વાળો ચેક હિમતનગર શાખામાં ભરેલ નથી. તેમજ હાલના કામનો પક્ષકારો વચ્ચેનો વ્યવહાર અમદાવાદ મુકામે થયેલ છે અને આરોપી પણ અમદાવાદના છે તેમજ આંક.૧૪ વાળા ચેકમાં આગળના ભાગે બેંક ઓફ બરોડા મેમનગર શાખા અમદાવાદ નો સિકકો મારેલો છે. તેથી અત્રેની અદાલતને હાલની ફરીયાદ અંગ કોઈ હકુમત રહેતી ન હોય તેવુ આરોપી પક્ષે જે બચાવ લેવામાં આવેલ છે તે ગ્રાહય રાખવા પાત્ર જણાઈ આવતો નથી.

વધુમાં આરોપીપક્ષે જે **સાહેદ ફારૂકભાઈ ઈબ્રાહીમભાઈ દાયમાનાઓને આંક–૫૦** થી સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓ પણ પોતાના પુરાવામાં જણાવે છે કે, તેઓ તા.૮/૯/૨૦૨૫ થી બેંક ઓફ બરોડામા બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવે છે. સામાન્ય રીતે સ્લીપનો અડધો ભાગ ગ્રાહક પાસે હોય છે અને જેમા બેંકનો સીકકો હોય છે અને તે ચેક કલીયરન્સ માટે કલીયરીંગ હાઉસમાં મોકલવામાં આવતો હોય છે. ત્યારબાદ કલીયરીંગ હાઉસમાં ચેકની તારીખ, રકમ, નામ, ખાતા ધારકની સહીની ખરાઈ કરવામાં આવતી હોય છે. ત્યારબાદ ખાતા નંબર લખતા હોય છે. હાલના સાહેદે ફરીયાદીનાં બચત ખાતા નં. ૪૬૮૫૦૧૦૦૦૦૧૨૩૧ નો ખાતાનો ઉતારો આ કામે આંક–૫૧ થી પુરાવામાં રજુ રાખેલ છે. જે ઉતારો ધ્યાને લેતા,તે આ કામના ફરીયાદી સાગરભાઈનું બચત ખાતુ જણાઈ આવે છે. તેમજ આંક–૧૪ ના

ચેકમાં પે કોલમમાં સાગરભાઈ રાવલ લખેલ છે. આમ તકરારી ચેક ફરીયાદીને આપવામાં આવેલ હોવાનું ફલીત થાય છે વધુમાં સાહેદ તેઓના પુરાવામાં ઉલટતપાસના કામે એવી હકિકત જણાવે છે કે, ફરીયાદીનું તેઓની બ્રાન્ચમાં કોઈ ખાતુ નથી. તેમજ આંક–૧૫ ના કાઉન્ટર સ્લીપમાં બેંકના સહી સીકકા નથી. આ ચેક કોટક મહીન્દ્રા બેંક ધ્વારા પરત કરેલ.તેમજ આંક–૧૬ નો રીટર્ન મેમો તેઓની બેંકે આપેલો નથી. આમ સાહેદે ઉલટતપાસ ધ્વારા તકરારી ચેક બેંક ઓફ બરોડા અમદાવાદ મુકામે એકાઉન્ટ રહેલ ન હોય અને તેઓ ધ્વારા તકરારી ચેક પરત કરવામાં આવેલ ન હોય ફરીયાદીની ફરીયાદ ટીક શકે તેમ નથી તેવો જે બચાવ લેવામાં આવેલ છે તે સં દર્ભે સાહેદનો પુરાવો આગળ વંચાણે લેતા, તેઓ સ્પષ્ટ જણાવે છે કે, જે ચેક જે બેંક ધ્વારા ઈશ્યુ કરેલ હોય તે રીટર્ન મેમો આપી શકે. આ રીર્ટન મેમો તેઓની જે બ્રાન્ચમાં જમા થયો હોય તે બ્રાન્ચ મોકલાવે. તેમજ તેઓની બેંકનો ગ્રાહક ગુજરાત રાજયમાં કોઈપણ બેંકની શાખામાં એકાઉન્ટ ધરાવતો હોય તેમ છતા પણ એ જ બેંકની બીજી શાખામાં પણ ચેક ભરી શકે. આમ ફરીયાદીનુ ખાતુ હિમતનગર બ્રાન્ચમાં હોય જેથી તેઓએ ચેક બેંક ઓફ બરોડાની અન્ય શાખા મેમનગર અમદાવાદ ખાતે ચેક જમા કરાવેલો હોવાની હકિકતને પુરતુ સમર્થન પ્રાપ્ત થાય છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદી પોતાની બેંકની અન્ય શાખામાં ચેક જમા કરાવી શકે છે અને આવા ચેકના અનાદર બદલ જે શાખામાં ચેક જમા કરાવેલ હોય અને જયા પોતાનું બેંક એકાઉન્ટ આવેલ હોય ત્યાં આવા ચેકના અનાદર બદલ ધોરણસર ફરીયાદ દાખલ કરી શકે છે અને ફરીયાદીનું બેંક એકાઉન્ટ આવેલ હોય તે જગ્યાએ હકુમત ધરાવતી સક્ષમ અદાલત આવી ફરીયાદ ચલાવવા સક્ષમ બની રહે છે. સદરહુ હકિકત સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ટાંકવો ન્યાયોચીત જણાઈ આવે છે.

Supreme Court of India

Jai Balaji Industries Ltd vs M/S Heg Limited on 28 November, 2025

Transfer Petition (CRL.) NO. 1099 OF 2025

સદરહુ ચુકાદાના મહત્વનો અંશ નીચે મુજબ રહેલ છે.

54. It is limpid from the aforesaid discussion that the necessary corollary of including 'branch' as a factor that shapes the relationship between the payee/drawer and their bank, is that a complaint under Section 138 would be triable only by the court in whose local jurisdiction the branch of the bank where the payee/drawer maintain their account, is situated.

55. Before we explain the Section 142(2)(a), we deem it fit to briefly discuss Section 142(2)(b). In the case of account bearer cheques governed by Section 142(2)(b), the provision of jurisdiction by way of the Amendment Act, 2015 is partially reinforced by the position of law expounded in Dashrath Rupsingh (supra). Section 142(2)(b) confers jurisdiction on the court within whose local area the drawee bank is situated and upon presentation, the cheque comes to be dishonoured. It is, however, worth noting that since the introduction of 'payable at par' cheques, the encashment of cheques can happen at any branch of the drawee bank. It is not necessary that the branch which is honouring or dishonouring the cheque may be that particular branch in which the drawer maintains the account. Therefore, the technological advancements in the banking sector have made it so that the offence of dishonour of cheque can be committed at any branch of the drawee bank. In such a case, if the law as explained in Dashrath Rupsingh (supra) is applied strictly then the jurisdiction would be fixed at the branch of the drawee bank where the cheque was actually dishonoured. Such

branch may not necessarily be the branch in which the drawer maintains an account. Having taken into account this possibility, we recognize that the Amendment Act, 2015 has worded Section 142(2)(b) in such a manner that even if a cheque is dishonoured elsewhere, the jurisdiction for trial of the complaint under Section 138 would lie with the court within whose local jurisdiction the branch of the drawee bank in which the drawer maintains the account, is situated.

આમ, નામદાર સર્વોચ્ચનો ચુકાદો ધ્યાને લેતા, જે સ્થળે ફરીયાદી એટલે કે, ફરીયાદી પોતાનુ બેંક ખાતુ ધરાવતો હોય તે સ્થળે ચેકના અનાદર બદલની ફરીયાદ કરી શકે છે. આમ સદરહુ કામે ફરિયાદીનો સોગંદ ઉપરનો પુરાવો તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, બચાવપક્ષ દ્વારા તકરારી ચેક આરોપીના ખાતાનો નહી હોવાનો કોઈપણ પ્રકારનો માનવાલાયક પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આમ, સદરહું ફરિયાદવાળો ચેક આરોપીના ખાતાનો હોવાનું રેકર્ડ ઉપર સ્પષ્ટ થાય છે. વધુમાં આંક-૧૪ થી રજુ તકરારી ચેકમાં આરોપીની સહી નથી તેવી કોઈ જ હકીકત કે બચાવ આરોપી દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આંક-૨૬ થી ૨૮, ૫૧, ૫૭, ૫૮, ૫૯ વાળા દસ્તાવેજી આધાર પુરાવા રજુ રાખેલ છે તેના થકી પણ ફરીયાદીની તરફેણમાં જે અદાલતે અનુમાન કરવાનું રહે છે તેનુ આપોઆપ ખંડન થઈ શકે તેમ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક-૩૪ થી જે અરજીની એક નકલ રજુ રાખેલ છે તે વંચાણે લેતા, આ કામના આરોપી ધ્વારા ફરીયાદી પાસેથી ટુકડે રકમ મેળવેલ હોય તેવુ આરોપી ધ્વારા પોલીસ સમક્ષ કબુલ રાખવામાં આવેલ છે અને આરોપી પક્ષે આવી અરજીનો કોઈ વિરોધ કરવામાં આવેલ નથી. આમ સદરહું અરજી બાબતે આરોપીપક્ષે મૌન

રહી સ્વીકૃતી કરેલ છે.

આ તબકકે ના.સુપ્રિમ કોર્ટનાં Rajesh Jain Versus Ajay Singh2023 (0) AIJEL-SC 72588 ના ચૂકાદામાં પેરા–૩૮, ૪૧, ૪૨ માં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ– ૧૩૯ સંદર્ભે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવ્યા તે માનભેર વંચાણે લેવા માં આવે તો તે નીચે મુજબ છે,

38. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a cheque, was issued by the accused for discharge of debt, the presumptive device under Section 139 of the Act helps shifting the burden on the accused. The effect of the presumption, in that sense, is to transfer the evidential burden on the accused of proving that the cheque was not received by the Bank towards the discharge of any liability. Until this evidential burden is discharged by the accused, the presumed fact will have to be taken to be true, without expecting the complainant to do anything further.

41. In order to rebut the presumption and prove to the contrary, it is open to the accused to raise a probable defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. The words 'until the contrary is proved' occurring in Section 139 do not mean that accused must necessarily prove the negative that the instrument is not issued in discharge of any debt/liability but the accused has the option to ask the Court to consider the non- existence of

debt/liability so probable that a prudent man ought, under the circumstances of the case, to act upon the supposition that debt/liability did not exist.[Basalingappa Vs. Mudibasappa (AIR 2019 SC 1983) See also Kumar Exports Vs. Sharma Carpets (2009) 2 SCC 513]42. In other words, the accused is left with two options. The first option- of proving that the debt/liability does not exist-is to lead defence evidence and conclusively establish with certainty that the cheque was not issued in discharge of a debt/liability. The second option is to prove the non- existence of debt/ liability by a preponderance of probabilities by referring to the particular circumstances of the case. The preponderance of probability in favour of the accused's case may be even fifty one to forty nine and arising out of the entire circumstances of the case, which includes: the complainant's version in the original complaint, the case in the legal/demand notice, complainant's case at the trial, as also the plea of the accused in the reply notice, his 313 statement or at the trial as to the circumstances under which the promissory note/cheque was executed. All of them can raise a preponderance of probabilities justifying a finding that there was 'no debt/liability'. [Kumar Exports and Sharma Carpets, (2009) 2 SCC 513]

ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટનાં ચુકાદાને માનભેર વંચાણે લેતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ની જોગવાઈ મુજબ, જયાં સુધી વિરુધ્ધ નું સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત કાયદેસરનાં અવેજ

માટે કરી આપ્યાનું માની લેવામાં આવશે. તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવા માં આવે તો વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તા એ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમનાં કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવેલ હશે.

(૧૭) વધુમાં, આરોપીપક્ષે આવા કાયદેસરના અનુમાન નુ ખંડન ન કરતા ફરીયાદી ની ફરીયાદ તેમજ રજુ દસ્તાવેજ આધારે ફરીયાદી ની તરફેણમાં અદાલતે કાયદેસર નુ અનુમાન કરવાનુ રહે છે તે મુજબ વાદગ્રસ્ત આંક–૧૪ વાળો ચેક તે આરોપી દવારા કાયદેસરના લેણા પેટે ફરીયાદી ને આપેલ હોય તેમજ આવો ચેક આંક–૧૬ ના રીટર્ન મેમો માં દર્શાવેલ ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે પરત આવેલ હોય તેમજ સદર ચેક પરત ફર્યા બાબતે ફરીયાદી દવારા આરોપી ને ધોરણસર નોટીસ ની બજવણી કરવામાં આવેલ હોય તે તમામ હકીકતો રેકર્ડ પર પુરવાર થાય છે. ત્યારે વાદગ્રસ્ત ચેક વણ સ્વીકારાયેલ પરત ફરેલ હોય ત્યારે આરોપી સામે આક્ષેપીત ગુન્હો પુરવાર થયેલ હોવાના તારણ પર અત્રેની અદાલત આવે છે.

(૧૮) ફરીયાદપક્ષનાં કેસ મુજબ ફરીયાદી દવારા આરોપીને આપેલ હાથ ઉછીની રકમ ચુકવી આપેલ ન હોય જેથી ફરીયાદી સાથે વાદગ્રસ્ત ચેકમાં જણાવ્યા મુજબની લેણી રકમ બાકી નીકળતી હોય તેના બદલામાં આરોપી દવારા આંક–૨૦ વાળો ચેક તેઓને આપવામાં આવેલ છે. જયારે આરોપીએ તેઓના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, '' **'અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ, ફરિયાદીએ અમારો કોરો ચેક બળજબરીપૂર્વક મેળવીને ખોટી રીતે રકમ ભરીને ના. કોર્ટમાં ખોટો પુરાવો રજુ કરેલ છે તેમજ રજુ કરેલ ચેકમાં દર્શાવેલ નામ**

<u>**અને આંક–૩૯ની જુબાનીના આધારે દર્શાવેલ નામ અને અટક અલગ અલગ છે. નામ. કોર્ટમાં ફરિયાદ દાખલ કરવાની ફરિયાદીની હકુમત ન હોવા છતાં, ફરિયાદીએ ખોટી રીતે સરનામુ બતાવી ખોટી ફરિયાદ દાખલ કરેલ છ**</u>''' તે સંદર્ભે જોઈએ તો, ફરીયાદીએ આરોપી પર ખોટો કેસ કરેલ હોય તો તે અંગે કોઈ પોલીસ ફરીયાદ કરેલ હોય તે મતલબનો કોઈ પુરાવો આરોપી પોતાના બચાવમાં જણાવતા નથી. આમ અનુમાન નુ ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો હોવો જોઈએ પરંતુ આ કામે આરોપી પોતે કયો બચાવ લેવાનો છે તે નકકી કરી શકતા નથી. જેથી આરોપીનો બચાવ માની શકાય તેમ નથી.

(૧૯) આ કામે બચાવપક્ષે ફરીયાદી ની ઉલટતપાસ લેવામાં આવેલ છે પરંતુ આરોપી દવારા ફરીયાદીના પુરાવાનુ ખંડન કરતો ખંડનાત્મક પુરાવો આરોપી તરફે રેકર્ડ પર લાવવા સફળ થયેલ નથી. વધુમાં ચેક બેંક માં વટાવવા નાખેલ ત્યારે બેંકમાં ચેક મુજબ ની રકમ હતી તેવુ પણ આરોપીએ સાહેદ તપાસી કે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખી પુરવાર કરેલ નથી. જયારે ફરીયાદપક્ષ તરફે રજુ દસ્તાવેજો ઉપરથી આરોપી દ્વારા ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ મેળવેલ હોય જે ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ હોય બાકી રહેતી લેણી રકમ પરત કરવા હાલનો વાદગ્રસ્ત ચેક આપેલ જે ચેક પરત ફરેલ છે. જો ખરેખર હાલનો વાદગ્રસ્ત ચેક આરોપીએ ફરીયાદીને આપેલ ન હોય તો ચેક રીટર્ન થયા અંગેની પ્ર થમ લીગલ નોટીસ આરોપીને મળેલ ત્યારે આરોપી પોતાના ચેક અંગેનો બચાવ લઈ પોલીસમાં ફરીયાદ કરી શકે. પરંતુ આરોપી દવારા તેઓને ચેક રીટર્નની નોટીસ મળવા છતા પોલીસમાં કોઈ ફરીયાદ કરેલ નથી. આમ, આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ લીધેલ હોય તેમજ રકમની ચુકવણી પેટે હાલનો વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનુ રેકર્ડ પર પુરવાર કરવામાં

ફરીયાદપક્ષ સફળ થયેલ છે. આરોપીએ પોતાના બચાવમાં ફરીયાદી ની ઉલટતપાસ લીધેલ છે જે ઉલટતપાસ વંચાણે લઈએ તો તેમાં ફરીયાદીની હકીકતોનુ કોઈ ખંડન થતુ નથી.

(૨૦) આમ, રેકર્ડ ઉપર નો સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેતા ફરીયાદ વાળા ચેક જે તે વખતે આરોપીએ ફરીયાદીને કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે. આ ચેક નિયત સમય માં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વીકારાયે પરત ફરતા ફરીયાદીએ આરોપીને પોસ્ટ મારફતે કાયદેસર ની ડીમાન્ડ નોટીસ મોકલેલ જે નોટીસ આરોપીને બજી ગયેલ છે. આમ નોટીસ આરોપીને મળવા છતા આરોપી એ નોટીસનો અમલ ન કરી ચેકની રકમ ફરીયાદીને ચુકવવામાં આવેલ નથી તે કારણે હાલની ફરીયાદ કરવાનું કારણ ઉત્પન્ન થતા કાયદાની નિયત સમય મર્યાદામાં લેખીતમાં ફરીયાદ કરવામાં આવેલ તેવુ રેકર્ડ ઉપરના પુરાવાથી ફલીત થાય છે. વધુમાં આરોપીએ ચેક તેને વેલીડીટી પીરીયડમાં બેંકમાં રજુ થયેલ ન હતો તેવુ બચાવમાં આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે આરોપીનો એવો પણ કોઈ બચાવ નથી કે ચેકવાળુ ખાતુ તેઓનુ નથી, કે ચેકમાં તેઓની સહી નથી પરંતુ ચેકનો દુર ઉપયોગ કરેલ હોવાનો બચાવ લીધેલ છે જે પુરવાર કરવા કોઈ બેંક સાહેદ ને તપાસીને પુરવાર કરેલ નથી. આમ ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના તમામ આવશ્યક તત્વો પુરવાર કરેલ છે. આમ પ્રસ્તૃત કેસ માં ફરીયાદી જયારે પોતાનો કેસ સાબીત કરવામાં સફળ રહેલા છે ત્યારે એ હકીકત પણ આરોપી ને કાયદામાં ફરમાવેલ સજા સંદર્ભે કેટલી સજા કરવી જોઈએ તેના સં દર્ભમાં પક્ષકારો વચ્ચેનો સંબંધ, ફરીયાદવાળા વ્યવહારનો સ્વરૂપ ધ્યાનમાં લેતા તેમજ પ્રસ્તૃત કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા આ કામના આરોપીને ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી મુદ્દા નં. ૧ નો નિર્ણય ''**હકાર**'' માં આપવામાં આવે છે.

(૨૧). આમ, આ કામના ફરીયાદીએ પોતાની આંક–૧ વાળી ફરીયાદ આંક–૪ થી રજુ સોગંદ ઉપર ના પુરાવા મુજબ આરોપીએ ફરીયાદી પાસે થી ફરીયાદ વાળી રકમના લીધેલા નું પુરવાર થાય છે.તેમજ આ કામના આરોપીએ તે રકમ ફરીયાદીને ચુકવી આપેલ હોય તે બાબત નો કોઈ પુરાવો આરોપી રજુ કરી શકેલ નથી. વધુમાં આરોપીપક્ષ ધ્વારા કોઈ સાહેદોનો પુરાવો રેકર્ડ પર લાવીને તેઓએ ફરીયાદી પાસે ચેકની રકમના નાણા પરત ચુકવી આપેલ છે તે બાબતનો કોઈ પુરાવો આરોપી તરફેથી રજુ કરવામાં આવેલ નથી. આમ, આરોપી તરફથી જે જે બચાવો લેવામાં આવેલ છે. તે બચાવો વ્યાજબી,યોગ્ય કે ન્યાયિક લાગતા નથી.

(૨૨) આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે આ અદાલત એવા નિષ્કર્શ પર આવી છે કે, ફરીયાદીની તરફેણમાં એન.આઈ. એકટ ની કલમ–૧૩૯ મુજબનું કાયદેસરના લેણાનું સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન રીબટ કરવામાં આરોપી સફળ થયા નથી. આરોપીએ ફરીયાદીની તરફેણમાં ઈશ્યુ કરેલ ચેક માં પોતાની સહી છે તે પડકારેલ નથી. તેથી જયારે આ ચેક ફરીયાદીએ વસુલાત માટે રજુ કરેલ ત્યારે આ ચેક ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના કારણે પરત ફરેલ છે. જે બાબતે ફરીયાદીએ આરોપીને ચેક મુજબની રકમ ના માંગણા ની નોટીસ કરતા અને આ નોટીસ આરોપીને મળી ગયા છતાં તેઓએ ચેક મુજબ ની રકમ ફરીયાદીને ચુકવી આપી નથી. તેમજ ચેક મુજબ ની રકમ ફરીયાદીને આપી ન હોય આરોપીએ કલમ–૧૩૮ મુજબ નો ગુન્હો કરેલ હતો. વળી આરોપીએ લીધેલ બચાવ 'પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી' ના સિધ્ધાંત ઉપર પણ માનવાલાયક ન હોય અને તે રીતે આરોપી ફરીયાદી ના કથન માં વ્યાજબી શંકા ઉદભવે તેવું

પુરવાર કરેલ ન હોય તેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ ની કલમ– ૧૩૮ મુજબ નો ગુન્હો પુરવાર થાય છે તેમજ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તથા ઉપરોકત ટાંકેલ કાનુની નિર્ણયમાં નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા પ્રસ્થાપિત થયેલ કાનુની સિઘ્ધાંત ઘ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપીએ આંક–૧૪ નો ચેક તેમની કાયદેસરની દેવા અને જવાબદારી એટલે કાયદેસર રીતે તેનો અમલ કરી શકાય તેવી દેવા અને જવાબદારી પેટે આપેલ હોવાનું પ્રાથમિક રીતે સાબિત કરવા સફળ થયેલ હોઈ અને આરોપી ઘ્વારા PREPONDERANCE OF PROBABILITY ના સિઘ્ધાંત ને આધિન અનુમાન નુ ખંડન કરેલ ન હોઈ તેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ ની કલમ–૧૩૮ મુજબ નો ગુન્હો પુરવાર થતું હોય, જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''હકાર'' માં આપવામાં આવે છે અને મુદા નં ૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::: આખરી હુકમ :::

(૧) આ કામના આરોપી **ધ્રુવ અરવિંદભાઈ પટેલ, ઉ.વ.૩૮** ઠે. સી/૩૦૧, શાંતિનિકેતન એપાર્ટમેન્ટ, ગુરૂકુલ રોડ, એમ.બી. કાપડીયા સ્કૂલ સામે, મેમનગર, અમદાવાદ. (ઘાટલોડીયા પોલીસ સ્ટેશન, અમદાવાદ) **ઓફિસનુ સરનામુ :** ધ્રુવ અરવિંદભાઈ પટેલ, વિઘી ટ્રેડીંગ, દુકાન નં.૧૬ અર્જુનગ્રેસ, સ્વામીનારાયણ સંસ્કારઘામ પાસે, નારણપુરા, અમદાવાદ (નારણપુર પોલીસ સ્ટેશન, અમદાવાદ)નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ– ૨૫૫(૨) અન્વયે વટાઉ ખત અઘિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ ના ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદીને ચેકની રકમ વળતર રૂપે ૧ (એક) માસમાં આરોપીએ ચુકવવી

આપવા અને જો વળતરની રકમ ફરીયાદીને ન ચૂકવે તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી ચાલુ કેસ દરમ્યાન કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં રહયા હોય તો સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી આજરોજ ચુકાદાનાં દિવસે હાજર ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ અર્થે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૧૮(૨) અન્વયે સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) સજા અંગેનુ વોરન્ટ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૨૫ મુજબ જેલરશ્રી, જીલ્લા જેલ, હિંમતનગર ને મોકલી આપવું.

આજરોજ તારીખ ૧૪ મી, માંહે : જુલાઈ સને : ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી ચુકાદો જાહેર કર્યો.

તા. ૧૪/૦૭/૨૦૨૬

સ્થળ : હિમતનગર

(કુ.જયોત્સનાબેન વિનુભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.
હિંમતનગર, જીલ્લા–સાબરકાંઠા
U.I.C. NO. GJ01021

//Parul//